# રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૨૩ નવા કેસ, ૨૫ના મોત

## અનલોક-૧માં મહામારી વકરી : રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૧૭૨૧૭ પહોંચ્યા : ૬૫ વ્યક્તિઓ વેન્ટીલેટર ઉપર અને ૫૩૦૯ સ્ટેબલ દર્દી છે

ગાંધીનગર,તા.૧

રાજ્યમાં અનલોક જાહેર કર્યાના પ્રથમ દિવસે છેલ્લા ચોવીસ કલાકમાં નવા ૪૨૩ કોરોના પોઝિટિવ દર્દી નોંધાયા છે. આજે અમદાવાદમાં ૨૨ સહિત ૨૫ વ્યક્તિઓના મોત થયા છે. આ સાથે મૃત્યુઆંક ૧૦૬૩ થયો છે. રાજ્યમાં કોરોનાથી સંક્રમિત થવાના કુલ કેસ ૧૭૨૧૭ પહોંચ્યો છે.

રાજ્યમાં ૬૫ વ્યક્તિઓ વેન્ટીલેટર પર અને ૫૩૦૯ સ્ટેબલ દર્દી છે. આજે એક દિવસમાં ૮૬૧ વ્યક્તિઓને ડિસ્ચાર્જ કર્યા છે. આ આંક ૧૦૭૮૦નો કુલ થયેલ છે. આ સાથે રિકવરી રેટ ૬૨.૨૧ ટકા થયો છે. રાજ્યમાં અનલોક જાહેર થયાના પ્રથમ દિવસે કોવિડ-૧૯ના ૪૨૩ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ શહેરમાં ૨૯૫ અને અમદાવાદ ગ્રામ્યમાં ૧૯ નોંધાયા છે. રાજ્યમાં કોરોનાને લીધે સંક્રમિત થવાનો આંકડો ૧૭૨૧૭ પર પહોંચ્યો છે.

આજે રાજ્યમાં કોરોનાને લીધે ૨૫ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા જેમાં અમદાવાદમાં ૨૨, સુરતમાં અને અરવલ્લી ખાતે ૧ વ્યક્તિના મોત સાથે મૃત્યુઆંક રાજ્યમાં ૧૦૬૩ પહોંચ્યો છે. રાજ્યમાં નવા નોંધાયેલા કેસમાં અમદાવાદમાં ૩૧૪, સુરતમાં ૩૯, વડોદરામાં ૩૧, ગાંધીનગરમાં ૧૧, મહેસાણામાં ૬, બનાસકાંઠા, રાજકોટ અને સાબરકાંઠામાં ૩-૩, આણંદ, પોરબંદર અને અન્ય રાજ્યના ૨-૨, ભાવનગર, અરવલ્લી, પંચમહાલ, મહિસાગર, પાટણ અને વલસાડમાં ૧-૧ નોંધાયા છે. રાજ્યમાં ૫૩૭૪ કેસ હાલ એક્ટીવ છે જેમાં ૬૫ વેન્ટીલેટર પર અને સ્ટેબલ ૫૩૦૯ છે. ડિસ્ચાર્જ ૧૦૭૮૦ વ્યક્તિ થયેલ છે.

રાજ્યમાં અમદાવાદમાં સૌથી વધુ ૭૯૦ વ્યક્તિ સાજા થયા છે. આજે સાજા થઈને ઘરે ૮૬૧ વ્યક્તિ સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ ૨૧૬૨૫૮ ટેસ્ટ થયા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૨૪૧૦૪૬ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૨૩૩૦૦૫ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન છે અને ૮૦૪૧ વ્યક્તિઓને ફેસિલીટી ક્વોરોન્ટાઈનમાં રખાયા હતા.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૨૪૯૪ | ૮૬૪ | ૭૭૦૮ |
| સુરત | ૧૬૫૯ | ૭૧ | ૧૧૨૮ |
| વડોદરા | ૧૦૭૪ | ૩૯ | ૬૧૬ |
| ગાંધીનગર | ૨૮૫ | ૧૪ | ૧૬૧ |
| ભાવનગર | ૧૨૨ | ૦૮ | ૧૦૩ |
| બનાસકાંઠા | ૧૧૪ | ૦૫ | ૮૯ |
| આણંદ | ૧૦૧ | ૧૦ | ૮૪ |
| રાજકોટ | ૧૧૫ | ૦૩ | ૭૦ |
| અરવલ્લી | ૧૧૧ | ૦૫ | ૧૦૩ |
| મહેસાણા | ૧૨૦ | ૦૫ | ૭૩ |
| પંચમહાલ | ૮૯ | ૧૦ | ૭૨ |
| બોટાદ | ૫૯ | ૦૧ | ૫૪ |
| મહીસાગર | ૧૧૬ | ૦૨ | ૪૧ |
| ખેડા | ૬૯ | ૦૪ | ૫૪ |
| પાટણ | ૮૦ | ૦૬ | ૬૩ |
| જામનગર | ૫૪ | ૦૨ | ૩૭ |
| ભરૂચ | ૪૦ | ૦૩ | ૩૪ |
| સાબરકાંઠા | ૧૦૬ | ૦૩ | ૫૪ |
| ગીર-સોમનાથ | ૪૫ | ૦૦ | ૩૪ |
| દાહોદ | ૩૬ | ૦૦ | ૨૮ |
| છોટાઉદેપુર | ૩૩ | ૦૦ | ૨૩ |
| કચ્છ | ૮૦ | ૦૨ | ૪૮ |
| નર્મદા | ૧૮ | ૦૦ | ૧૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૦૦ | ૧૧ |
| વલસાડ | ૪૦ | ૦૧ | ૧૩ |
| નવસારી | ૨૫ | ૦૦ | ૧૨ |
| જૂનાગઢ | ૩૦ | ૦૦ | ૨૪ |
| પોરબંદર | ૧૨ | ૦૨ | ૦૪ |
| સુરેન્દ્રનગર | ૩૯ | ૦૧ | ૧૬ |
| મોરબી | ૦૪ | ૦૦ | ૦૩ |
| તાપી | ૦૬ | ૦૦ | ૦૩ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૧૦ | ૦૧ | ૦૨ |
| અન્ય રાજ્ય | ૦૮ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૭૨૧૭** | **૧૦૬૩** | **૧૦૭૮૦** |

# નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીને કોરોના પોઝિટિવ

## હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા : ડોકટરો, પોલીસો સહિત રાજનેતા પણ કોરોનાની ઝપેટમાં

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. રાજ્યમાં કોરોના પોઝિટિવ સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરના નરોડાના ધારાસભ્ય બલરામ થાવાણીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને લઈને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યાં છે.

આમ રાજ્યમાં ડૉકટરો, પોલીસો સહિત રાજનેતાઓ પણ કોરોના ઝપેટમાં આવેલા જોવા મળી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, આ અગાઉ શહેરના કોંગ્રેસ કોર્પોરેટર બદરુદીન શેખનું કોરોના પોઝિટિવના કારણે મૃત્યું થયું હતું. પ્રાપ્ત મળતી વિગત અનુસાર, અમદાવાદ શહેરના નરોડાના ભાજપના ધારાસભ્ય બલરામ થાવાણીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. નરોડાના ધારાસભ્ય બરામ થાવાણીમાં કોરોના સંક્રમિત થયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. આ અગાઉ શહેર ભાજપ પ્રમુખ અને નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલને કોરોના પોઝિટવ હોવાનું સામે આવ્યું હતું.

જગદીશ પંચાલ કોરોના પોઝિટિવ લઈને એપોલો હોસ્પિટલમાં દાખલ થયા હતા. જ્યારે આ અગાઉ અમદાવાદના વધુ એક કોર્પોરેટર કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. શહેરના હાટકેશ્વર-ભાઈપુરા વોર્ડના કોંગ્રેસના કોર્પોરેટર ઈલાક્ષીબેન પટેલને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાં કોરોના પોઝિટિવ આવતા હવે તેમની સારવાર શરૂ કરી દેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે આ અગાઉ અમદાવાદ શહેરમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને કોર્પોરેટર બદરુદીન શેખને કોરોના પોઝિટિવ સામે આવ્યો હતો. જોકે, ઈમરાન ખેડાવાલા કોરોના મુક્ત થયા જ્યારે કોર્પોરેટર બદરુદીન શેખનું કોરોનાને લઈને મૃત્યું થયું હતું.

# અમદાવાદની સોલા સિવિલમાં કોરોનાના દર્દીઓ રામભરોસે

## પરિવારજનોએ ગંભીર આરોપ લગાવ્યા : કુટુંબીજનો પોતાના દર્દીઓનું ધ્યાન રાખે એમ ડોક્ટરોએ કહ્યાનો આક્ષેપ પરિવારજનોએ વીડિયો થકી વાયરલ કર્યો

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં અમદાવાદમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે આવી પરિસ્થિતિમાં જ્યારે કોઈ દર્દી સાથે તેમના સંબંધીને સાથે રાખવાની ફરજ પાડવામાં આવે તો કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા વધી જશે. આ વાત સત્ય છે છતાં અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં હરિઓમ એપાર્ટમેન્ટમાં રહેતા પરિવારને ફરજ પાડવામાં આવી કે, તેઓ પોતાના દર્દી સાથે રહે અને તેમનું ધ્યાન રાખે આ સનસનીખેજ આક્ષેપ પરિવારજનોએ વીડિયો મારફતે કર્યો છે આ વાત છે ૫૭ વર્ષના પ્રવીણભાઈ દરજીની જેમને ૧૫મી મેના રોજ ગળામાં દુખાવો થતાં ટેસ્ટ કરાવ્યો અને ટેસ્ટ પોઝિટિવ આવતા તેમણે અમદાવાદની સોલા સિવિલમાં દાખલ કરવામાં આવ્યા.

૧૫મીથી ૩૦મી સુધી પરિવારજનોને દર્દી પ્રવીણભાઈ દરજી સાથે રોકાવા માટેની ફરજ પાડવામાં આવી હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. પરિવારજનોએ જણાવ્યું કે, ન માત્ર તેઓ પરંતુ તેમની આસપાસના તમામ બેડ ઉપર કોરોના વાયરસ દર્દીના પરિવારજનો પણ હાજર હતા. આ અંગે પરિવાર પાસે લખાવી પણ લેવામાં આવ્યું હતું કે, જો તેઓ હાજર નહીં રહે તો તેમના દર્દીની જવાબદારી હોસ્પિટલ તંત્ર સ્વીકારવા તૈયાર નથી. મૃતક પ્રવીણ દરજીના પુત્ર હિતેશભાઈનું કહેવું છે કે, તેઓ પાંચ દિવસ હોસ્પિટલમાં પિતા સાથે રોકાયા હતા એટલું જ નહીં તેમને ઘરનું ભોજન પણ તેઓ આપતા હતા. કારણ કે હૉસ્પિટલમાં જે ભોજન મળતું હતું તે હલકી કક્ષાનું હતું. સાથે તેમણે એ પણ કહ્યું કે, કોઈ પણ પ્રકારની પીપીઈ કીટ વગર તેવો હોસ્પિટલમાં દર્દી સાથે રહેતા હતા. હોસ્પિટલ તંત્ર તેને ફરજ પાડતું હતું કે, તેમણે દર્દી સાથે રોકાવું જ પડશે એટલું જ નહીં. હિતેશભાઈ એ પણ આક્ષેપ કર્યો છે કે, પિતાને વારંવાર માસ્ક નિકળી જતું હતું તે માટે તેનું ફીટીંગ કરવાનું પણ તેમને જ કહેવામાં આવતું હતું.

# ગુજરાતમાં સંભવિત વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના દક્ષિણ ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રના ભાવનગર-અમરેલી જિલ્લાના વિસ્તારોમાં સંભવિત વાવાઝોડાની આગાહીને પગલે બચાવ, સુરક્ષાત્મક પગલાંઓ માટેની સંબંધિત જિલ્લાતંત્રોની અને રાજ્ય સરકારની તૈયારીઓ તથા સજ્જતા અંગે ઉચ્ચસ્તરીય બેઠક યોજીને સર્વગ્રાહી સમીક્ષા કરી હતી.

મુખ્યમંત્રીએ મહેસૂલમંત્રી કૌશિકભાઈ પટેલ અને મુખ્ય સચિવ અનિલ મુકિમ તથા રાજ્યના વરિષ્ઠ સચિવો સાથે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતેથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંબંધિત જિલ્લાના કલેકટરો પાસેથી પરિસ્થિતીનો જાયજો મેળવ્યો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૩ જૂને દમણ, દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી જિલ્લાના નીચાળવાણા વિસ્તારમાં વાવાઝોડાના કારણે પ્રતિ કલાક ૯૦ થી ૧૧૦ કિ.મી.ના ઝડપે પવન સાથે ભારે વરસાદ પડવાની



સંભાવના છે.

આ સ્થિતિને પહોંચી વળવા વાવાઝોડા સંભવિત વિસ્તારોમાં એનડીઆરએફની ૧૦ અને એસડીઆરએફની ૫ ટીમ તહેનાત છે તેમજ જરૂર પડ્યેથી વધુ ટીમો પણ નજીકના વિસ્તારમાં અનામત રાખવામાં આવી છે. જે ત્વરિત બચાવ રાહત માટે જરૂરીયાત મુજબ પહોચાડી દેવાશે એમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી જિલ્લાના લોકોને ૩ અને ૪ જૂને જરૂર વિના બહાર ન નીકળવા અપીલ કરી છે. જેમાં ખાસ કરીને ગંભીર રોગથી પીડાતા લોકો, વૃદ્ધો અને બાળકોની આ પરિસ્થિતિમાં ખૂબ કાળજી રાખવી પડશે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ દરિયા કિનારા વિસ્તારોમાં માછીમારી કરતાં માછીમારો, ઝીંગા ફાર્મમાં કામ કરતાં લોકો તેમજ અગરિયાઓ સહિતના નીચાણવાળા વિસ્તારોમા રહેતાં લોકોને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતર કરવાની કામગીરી આવતીકાલ મંગળવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પૂર્ણ કરવા સંબંધિત જિલ્લાઓ કલેકટર્સને સૂચના આપી હતી.

તેમણે સ્પષ્ટપણે તાકીદ કરી કે આવા સ્થળાંતર દરમ્યાન સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય, માસ્કનો ફરજીયાત ઉપયોગ થાય તેની કાળજી લઈને કોરોના સંક્રમણનો વ્યાપ ન વધે તે કલેકટરો અને આરોગ્ય વિભાગ સુનિશ્ચિત કરે.

આ સંભવિત વાવાઝોડાને કારણે દમણ, દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને ભરૂચ જિલ્લાઓ હાઈ એલર્ટ પર તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને અમરેલી જિલ્લાઓ એલર્ટ પર છે.

આ જિલ્લામાં ભારે પવન અને વરસાદની સંભાવના છે ત્યારે આવા જિલ્લાઓમાં વીજ પુરવઠો ન ખોરવાય તેમાં પણ ખાસ કરીને જે શહેરોમાં કોવિડ-૧૯ની હોસ્પિટલો આવેલી છે ત્યાં અગાઉથી જનરેટર જેવી આનુષંગિક વ્યવસ્થા અત્યારથી જ કરી દેવાય તેની ખાસ સૂચનાઓ આપી હતી અને આ વિસ્તારોની હોસ્પિટલો તેમજ આરોગ્ય તંત્રને પણ અત્યારથી એલર્ટ કરી દેવામાં આવ્યા છે તેમ તેમણે કહ્યું હતું.

# પ્રજાકીય કામોને વેગવાન બનાવવા સરકાર પ્રતિબધ્ધ : નીતિનભાઈ

## યોગ્ય તકેદારી સાથે સ્વર્ણિમ સંકુલ અને આખું સચિવાલય સંકુલ આજથી રાબેતા મુજબ કાર્યરત કરી દેવામાં આવ્યું

ગાંધીનગર,તા.૧

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્વર્ણિમ સંકુલ ખાતે મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું કે, કોરોનાની મહામારી સામે સમગ્ર વિશ્વ, દેશ અને ગુજરાત લડી રહ્યું છે. છેલ્લા બે માસથી દેશ અને રાજ્યમાં લોકડાઉનનો ચુસ્ત અમલ થઈ રહ્યો હતો એના તમામ તબક્કા પૂર્ણ થતાં અનલોક-૧ અંતર્ગત પ્રજાકીય અને જનહિતના કામોને વેગવાન બનાવવા માટે યોગ્ય તકેદારી સાથે સ્વર્ણિમ સંકુલ અને આખું સચિવાલય સંકુલ રાબેતા મુજબ આજથી કાર્યરત થઈ ગયું છે. કોરોનાની મહામારી સંદર્ભે રાજ્યમાં જે વડીલો, નાગરિકો, માતાઓ-બહેનોના દુઃખદ અવસાન થયા છે તે સંદર્ભે મુખ્ય મંત્રી વિજય રૂપાણી અને સમગ્ર મંત્રીમંડળના સભ્યો, મુખ્ય સચિવ અનિલ મુકીમ સહિત રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવોએ સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે બે મિનિટનું મૌન પાળી મૃતાત્માઓને શ્રદ્ધાંજલિ અર્પીને સંકુલમાં પ્રવેશ મેળવ્યો હતો. પટેલે ઉમેર્યું કે, છેલ્લા બે માસમાં રાજ્યના નાગરિકોને કોરોના મહામારી સામે સારામાં સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે અને યોગ્ય સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા સંદર્ભે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ''દો ગજ કી દૂરી'' જાળવવાનો મંત્ર આપ્યો હતો એને સાકાર કરવામાં મુખ્ય મંત્રીશ્રીના નિવાસસ્થાનેથી દરરોજ ૮ થી ૧૦ કલાક વિવિધ કામગીરીની સમીક્ષા માટે બેઠકો યોજવામાં આવતી હતી અને નાગરિકોને પૂરતી સવલતો લોકડાઉન દરમ્યાન પણ પૂરી પાડી છે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, લોકડાઉનના તમામ તબક્કાઓ હવે પૂર્ણ થયા છે અને કેન્દ્ર સરકાર દ્વારા છૂટછાટો અપાઈ છે તેને ધ્યાને લઈને મુખ્ય મંત્રીએ આજથી તમામ મંત્રીમંડળના સભ્યો અને વરિષ્ઠ સચિવો પોતાની ઓફિસથી કામગીરી શરૂ કરે એવો નિર્ણય કરતાં આજથીહવે સ્વર્ણિમ સંકુલ-૧ સહિત સચિવાલય કેમ્પસમાં આવેલી તમામ કચેરીઓ રાબેતા મુજબ કામ કરતી થઈ ગઈ છે. તમામ અધિકારીઓ-કર્મચારીઓ પણ હવે ઉપસ્થિત રહેશે. લોકડાઉનના તમામ ગાળા પૂર્ણ થયા બાદ ગુજરાત પુનઃ ધબકતું થાય, વેપાર, ઉદ્યોગ, ખેતીવાડી, ધાર્મિક સંસ્થાઓ સહિત નાના-નાના વેપારીઓની દુકાનો પૂર્વવત શરૂ થાય તે માટેના પ્રયાસો સરકારે કર્યા છે અને જનજીવન ધબકતું થયું છે.

### વધુ ૧૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા આ બન્ને દર્દીઓના પરિવારો અને તેમના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં રહેતા તેમજ સંપર્કમાં આવેલ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતેથી પણ આજે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલાનો પરિવાર નરોડા ખાતે રહે છે પરંતુ છેલ્લા થોડાક દિવસથી તેણીની અહિ રહેવા આવી હતી. તબિયતમાં થોડીક અસ્વસ્થતા જણાતાં તેનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવેલ છે.

માણસા તાલુકાના રિદ્રોલ ખાતે આયુષના સબ સેન્ટરમાં તબીબી અધિકારી તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા આયુસ અધિકારીને સારવાર માટે ગાંધીનગર સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ મહિલા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં રિદ્રોલનું સબસેન્ટર હાલ બંધ કરવાનો નિર્ણય તંત્રએ કર્યો છે. આ સબ સેન્ટરમાં ફરજ બજાવતા એક કર્મચારીને પણ હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા આ અધિકારીના સંપર્કમાં આવેલ વ્યક્તીઓની યાદી તૈયાર કરી દેવામાં આવી છે અને તેને હોમ ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

### તોડી નંખાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિકાલ હેઠળના મકાનો તોડવા માટેની કામગીરી હવે પુન : હાથ ધરવા માટે તંત્ર આગામી દિવસોમાં કામ શરૂ કરશે જ્યારે બીજીતરફ ખાલી આવાસો સિવાય રહેણાંકના હેતુથી રોકાયેલા હોય તેવા મકાનો પણ ખાલી કરીને તોડવા માટે કામગીરી હાથ ધરાશે. જેમાં , ઘ , ચ , છ અને જ કક્ષાના આવાસો તોડવામાં આવશે. આ ચારેય સેકટરોમાં ૧૨૮૬ મકાનોનો નિકાલ કરવામાં આવશે.

### બસ સેવા શરૂ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડેપોમાંથી બસ ઉપડયા બાદ દિવસ દરમિયાન ડેપોના બન્ને ગેટ પર એસ ટી બસ રાખીને આડશ કરી દેવામાં આવી હતી. જયારે સરકારે બસો દોડાવાની મંજુરી આપી છે. ત્યારે હજુ ડેપો કક્ષાએથી તબક્કાવાર નવા અલબત્ત બહારગામના રૂટની બસ સેવા શરૂ કરાશે. તા ૨ જુનથી ડેપોમાં મહેસાણા , પાલનપુર સહીતના રૂટની બસો પણ શરૂ કરાશે. જયારે બહારગામના રૂટની બસો અલબત્ત સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં પણ તબક્કાવાર આગામી દિવસોમાં બસ સેવા શરૂ થશે.

### પુષ્ટિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યું હતું. આ શક્ય હતું, પરંતુ નાગરિકોની અસુવિધા અને અર્થતંત્રને પાટા પર લાવવાના પ્રયાસમાં ચોથા લોકડાઉનમાં આપવામાં આવેલી રાહતોને કારણે ફેલાવો વધ્યો છે.

ડો. શશીકાંત, આઈ.પી.એસ.એમ.ના પૂર્વ પ્રમુખ અને કોવિડ ટાસ્ક ફોર્સના ૧૬ સભ્યોના સંયુક્ત જૂથમાં એઈમ્સ દિલ્હીના કમ્યુનિટિ મેડિકલ સેન્ટરના વડા, સંજય કે. રાય, આઈપીએચએના રાષ્ટ્રીય અધ્યક્ષ અને સીસીએમ એઈમ્સના પ્રોફેસર, કમ્યુનિટી મેડિસિન, આઈએમએસ, બીએચયુ, વારાણસી ડી.સી.એસ. રેડ્ડી, ડી.સી.એમ. અને એસ.પી.એચ. પી.જી.આઈ.એમ.આર., પ્રોફેસર અને હેડ ડ ઠ્ઠ઼િ. નિષ્ણાંતોએ એમ પણ કહ્યું હતું કે રોગચાળા સાથે સંકળાયેલા ઉપાયો નક્કી કરતી વખતે રોગચાળા અંગે સલાહ લેવામાં આવી ન હતી. હેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ભારત સરકારે રોગચાળાના નિષ્ણાતોની સલાહ લીધી હશે, જેમની પાસે અન્ય લોકો કરતા વધુ સારી સમજ છે, અને કદાચ વધુ સારા પગલા લેવામાં આવ્યા હોત.

### ત્રાટકશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. જ્યારે નવસારીમાં કાંઠાના તમામ સરપંચ તલાટીઓને એલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી છે. સુરત વાવાઝોડાના પગલે એનડીઆરએફની ટીમ ફાળવવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા આ વાવાઝોડાની હાલની સ્થિતિ પ્રમાણે દક્ષિણ ગુજરાત અને મુંબઈ વચ્ચે ૩ જૂનના રોજ અથડાવવાની શક્યતાથી તંત્ર સજાગ થઈ ગયું છે. ચક્રવાતને લઈ સાઉથ ગુજરાતમાં ભારે વરસાદ અને પવન આગામી ૩ અને ૪ જૂન સુધી રહેવાની આગાહી છે. હવામાન વિભાગના મતે ચક્રવાતની ગુજરાત અને મહારાષ્ટ્રના દરિયાઈ કાંઠા વિસ્તારમાં અસર જોવા મળશે. હાલની સ્થિતિમાં ચક્રવાત લેન્ડ ફોલ થાય એવી કોઈ શક્યતા જણાતી નથી. સુરત શહેરમાં આગામી ૨ જૂનના રોજ હ ળવાથી મધ્યમ અને ૩-૪ જૂન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

### સાવધાન રહેજો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કિમીની ઝડપે પવન ફૂંકાશે. નિસર્ગ વાવાઝોડાને પગલે સુરતનું તંત્ર એલર્ટ થઈ ગયું છે. ત્યારે સુવાલીના દરિયાકિનારે હાલ ૭ કિમી ઝડપે પવન ચાલી રહ્યો છે. દરિયામાં સામાન્ય કરંટ દેખાઈ રહ્યો છે. ત્યારે આ નિસર્ગ વાવાઝોડાને લઈ સુરત મનપા કમિશનર બંછાનિધિ પાનીએ ટ્વીટ કરી કહ્યું કે, ૩ જૂને સુરતમાં ૧૦૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે. જેથી હું લોકોને વિનંદી કરું છું કે, લોકો ઘરની બહાર ન નિકળવાનું સાહસ ન કરે. નબળા સ્ટ્રક્ચર, હૉર્ડિંગ્સ, ઝાડ અને વિદ્યુત ઉપકરણોથી દૂર રહેવા માટે અપીલ કરું છું. અન્ય એક ટ્વીટમાં તેમણે કહ્યું કે, શહેરમાં આપણા બધાએ ૩ મેના રોજ સવારે વાવાઝોડાના કારણે સાવચેતી રાખવી જોઈએ. બધા હાઈરાઈઝ બાંધકામ સાઈટસ અને ઉચ્ચ જોખમવાળા વિસ્તારોની કાળજી લેવી જ જોઈએ. સાથે કોવિડ ૧૯ને ધ્યાનમાં રાખીને, માસ્ક, સામાજિક અંતરની પણ કાળજી લેવી આવશ્યક છે.

સંભવિત વાવાઝોડાને લઈ સુરત કલેક્ટરે જાહેર કર્યો ઓડિયો છે. સુરત કલેક્ટરે ઓડિયોમાં કહ્યું કે, ડુમ્મસ, સુંવાળી, ડભારીના બીચ લોકો માટે બંધ કરાયા છે. ૩ જૂને જિલ્લામાં મહત્તમ ૯૦ કિમીની સ્પીડે પવન ફૂંકવાની આગાહી કરવામાં આવી છે. ૩ જૂનના સાંજે-મોડી રાત્રે વલસાડથી મહારાષ્ટ્રના રાયગઢ વચ્ચે પસાર થવાની આગાહી કરવામાં આવી છે. વાવાઝોડા સમયે સામાન્યથી ભારે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે. કાચા મકાનો-નિચાણવાળા વિસ્તારોને શેલ્ટર હોમમાં જવા સૂચના આપવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. સુરતના દરિયાકાંઠે એનડીઆરએફની ટીમ તૈનાત કરાઈ છે. ગુજરાતમાં સંભવિત વાવાઝોડાના ખતરાને લઈને તંત્ર એલર્ટ બન્યું છે. અગમચેતીના ભાગરૂપે તંત્ર તમામ પગલા લઈ રહ્યું છે. સુરતના સુંવાલી ખાતે એનડીઆરએફની ટીમ તૈનાત રહેશે. વાવાઝોડાને પગલે કિનારાના ૩૦ જેટલા ગામોને એલર્ટ કરી દેવાયા છે. સુવાલીમાં સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યો છે. અને દરિયાઈ વિસ્તારમાં સવારથી વાદળછાયું વાતાવરણ છે.

### દેશમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સોમવારે દિલ્હીની તમામ બોર્ડર સીલ કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. આગામી એક સપ્તાહ સુધી દિલ્હીના તમામ બોર્ડર સીલ કરી દેવાશે. ત્યારબાદ લોકોના જે સૂચનો મળશે, તેના આધારે બીજો નિર્ણય લેવાશે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૦૦૧૮૦ સેમ્પલની તપાસ કરાઈ છે. અત્યાર સુધી ૩૮,૩૭,૨૦૭ ટેસ્ટ કરવામાં આવ્યાં છે. ૮ જૂનથી બિહારમાં ૪૫૦૦ ધાર્મિક સ્થળ ખૂલશે, મહાવીર મંદિર માટે ઓનલાઈન બુકિંગ કરાશે આજથી રોજ વધુ ૨૦૦ ટ્રેન દોડતી થઈ છે. દિલ્હી-નોઈડાની બોર્ડર હજુ પણ બંધ હોવાથી , જામ જેવી સ્થિતિ છે.

### પાટે ચઢ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શરૂ થઈ ગઈ છે. આજથી 'અનલોક ૧.૦'નો પ્રારંભ થયો છે. એ સાથે જ દેશભરમાં સુરક્ષા, સાવધાની, સોશ્યલ ડીસ્ટન્સીંગ સાથે બજારો, દુકાનો, સરકારી ઓફિસો, બેંકો, પ્રાઈવેટ કંપનીઓ, ટ્રેનો, બસ સેવા વગેરેનો પ્રારંભ થઈ ગયો છે.જો કે સિનેમાના રસિયાઓ, શોપિંગના રસિયાઓ અને ધીર્મિકવૃતિના ભક્તોએ ૮મીથી સુધી રાહ જોવી પડશે. કેમ કે ૮મીથી મોલ, મંદિરો અને મલ્ટીપ્લેકસ ખુલી જશે. અલબત્ત, કોરોના વકરે નહિ તે માટે રાત્રે ૯ થી સવારે ૫ સુધી સંચારબંધી ચાલુ રહેશે. ૨૦૦ ટ્રેનોનો આજથી પ્રારંભ પણ થયો હતો.

ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૦ જૂન સુધી નિયંત્રણો રહેશે. તે સાથે જ સ્કૂલ, કોલેજો હજુ બંધ જ રહેશે. રાજ્યો રાજ્યો વચ્ચે આજથી આંતરરાજ્ય વાહનવ્યવહાર પણ શરૂ થઈ ગયો છે. આજથી મોટાભાગની છૂટછાટો સાથે આર્થિક પ્રવૃતિ શરૂ થતા લોકોને મોટી રાહત થઈ છે. આજથી જ બજારો સાંજે ૭ સુધી ખુલ્લામ રહેશે. કોરોના વાયરસને હરાવવાની નેમ સાથે સરકાર અને લોકોએ આજથી પુનઃ પોતાનુ કામકાજ શરૂ કરી દીધુ છે. દેશમાં આજથી અનલોક ૧ (હર્ફ્રષ્ઠા ૧)નો અમલ થઈ રહ્યો છે. જેમાં શરતો સાથે છૂટછાટ આપવામાં આવી છે. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે તેમ સૌથી જરૂરી એ છે કે આ રાહત વચ્ચે પણ યાદ રાખવું જરૂરી કે કોરોનાનું જોખમ હજુ ટળ્યું નથી. આથી સાવચેત રહેવું ખુબ જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ ૧૯ સામેના યુદ્ધમાં કોઈ પણ પ્રકારની શિથિલતા પ્રદર્શિત કરનારા લોકોને સાવધ કર્યા અને તેમને વધુ સતર્કતા તથા સાવધાની રાખવાનું પણ કહ્યું છે. તેમણે કહ્યું કે બેદરકારી કે ઢીલું વલણ કોઈ વિકલ્પ હોઈ શકે નહીં. આજે ૧ જૂનથી ૨૦૦ ટ્રેનોની શરૂઆત પણ રેલવે દ્વારા થઈ હતી.. પહેલા દિવસે ૧૪૫૦૦૦ મુસાફરો ટ્રેનમાં મુસાફરી કરવા જઈ રહ્યાં હતા.